# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે મુજબની વિગતની જાહેરાતની પરીક્ષા યોજાનાર છે. આ જગ્યાની પ્રાથમિક પરીક્ષાનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ **https://gpsc.gujarat.gov.in/** પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (૩) | પ્રાથમિક કસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તા. (૫) |
|---|---|---|---|---|
| ૧ | મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨ (GWSSB) | ૨૬/૨૦૨૨-૨૩ | ૨૫/૦૬/૨૦૨૩ ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૫/૦૬/૨૦૨૩ |

**નોંધ:**

(૧) જાહેરાત ક્રમાંક ૨૬/૨૦૨૨-૨૩ OMR પધ્ધતિથી લેવાશે.

(૨) ઉકત જાહેરાતનાં તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે ઉપર્યુક્ત જાહેરાતના સંબંધિત ઉમેદવારોએ કોલમ-૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૧૩:૦૦ કલાકથી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થાય ત્યાં સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્રક તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) **"Online"** ડાઉનલોડ કરવાના રહેશે. જે પરીક્ષા ખંડમાં સાથે રાખવાનું રહેશે.

(3) પ્રવેશપત્ર **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) **https://gpsc-ojas.gujarat.gov.in** પર જવું. (૨)**"Call Letter/Form" >> "Preliminary Call Letter / Main Exam Call Letter / Form"** પર **"Click"** કરવું. (3) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call Letter"** પર **"Click"** કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરી પત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર **"Click"** કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરી પત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

**ખાસનોંધ:**-પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦ ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી આપના રૂપીયા ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નિકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર **"Application Not Found"** નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી.

**તારીખ.-૧૪/૦૬/૨૦૨૩**

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)